GJGN060001372022

सत्यमेव जयते

દાખલ તારીખ :- ૧૮ – ૦૭ – ૨૦૨૨
નોંધણી તારીખ :- ૧૮ – ૦૭ – ૨૦૨૨
ફેંસલ તારીખ :- ૨૫ – ૦૮ – ૨૦૨૬
સમયગાળો :- વર્ષ – માસ – દિવસ
૦૪ – ૦૧ – ૦૭

---

**મે.કલોલનાં કર્મચારી વળતર ધારા હેઠળનાં કમિશનરશ્રી (એમ.એસ.સોલંકી) લેબર કોર્ટ (એસ.ડી.), કલોલ, જિ.ગાંધીનગર.**

---

**વ. કો. (ફેટલ) અરજ નં.૦૪/૨૦૨૨**
**આંક ::-**

ગુજરનાર મર્હુમ સુફીકુલ ખાબુદીન શેખનાં વારસો ::-

**(૧)** રોકેયાબીબી સુફીકુલ શેખ. (પત્ની)
**(૨)** રાકીબ સુફીકુલ શેખ. (પુત્ર)
**(૩)** મમતાજખાતુન સુફીકુલ શેખ. (પુત્રી)
**(૪)** નાશેરાબીબી ખાબુદીન શેખ (માતા)
તમામ રહે. કુલુરીયા, જટરાન્દ્રા, મલધાહ (જુનું)
જિ.માલદા, વેસ્ટ બંગલા - ૭૩૨૧૪૧. ...... **અરજદારો**

**વિરુધ્ધ**

**(૧)** સોરીયટ અલી
ઠે. જી.એફ/૭, મેહતા પ્લેસ, જાસલપુર રોડ,
અચરાસણ, કડી, જિ.મહેસાણા - ૩૮૨૭૧૫.
**(૨)** સોરીયટ અલીની વીમા કંપની
ઇફ્ફકો ટોકીઓ જનરલ ઇન્સ્યુરન્સ કંપની લી.
ઠે. પહેલો માળ, સિધ્ધમ કોમ્પલેક્ષ, યશ બેંકની ઉપર,
હાઇવે રોડ, મુ.તા.જિ.મહેસાણા. ...... **સામાવાળાઓ**

**બાબત :- કામદાર વળતર અધિનિયમ, ૧૯૨૩ હેઠળ વળતર મેળવવા બાબત.**

---

**અરજદારો તર્ફે વિ.વ.શ્રી પી.એમ.રંગવાલા.**
**સામાવાળા નં.૧ સંસ્થા જાતે હાજર.**
**સામાવાળા નં.૨ સંસ્થા તર્ફે વિ.વ.શ્રી એસ.એસ.પારેખ**

---

## -:: ઠ રા વ ::-

**(1)** હાલનાં કામનાં અરજદારોએ ગુજરનાર મર્હુમ સુફીકુલ ખાબુદીન શેખનાં વારસદારો તરીકે કર્મચારી વળતર અધિનિયમ,૧૯૨૩ હેઠળ હાલની વળતર અરજ કરી, આ કામનાં ગુજરનાર મર્હુમનું સામાવાળાનાંઓની ફરજ દરમ્યાન થયેલ અકસ્માતનાં પરીણામે થયેલ મૃત્યુ બદલની વળતરની રકમ રૂ.૧૫,૦૦,૦૦૦/- અકસ્માત તારીખથી ૧૮% નાં ચઢતા વ્યાજ સહીત આ કામનાં સામાવાળાઓ ચુકવી આપે તે મુજબની દાદ માંગેલ છે.

**(2)** અરજદારોની અરજની ટુંકી હકીકત એ છે કે, "આ કામનાં અરજદારો અનુક્રમે ગુજરનાર મર્હુમ સુફીકુલ ખાબુદીન શેખનાં પત્ની, પુત્ર, પુત્રી તથા માતા થાય છે. વધુમાં ગુજરનાર મર્હુમ સામાવાળા નં.૧ સંસ્થાને ત્યાં મજુર તરીકેની વર્ષોથી ફેબ્રીકેશનની મજુરીનું કામ કરતા હતા. સામાવાળા નં.૧ સંસ્થાનાંઓ તેઓને માસીક રૂા.૨૦,૦૦૦/- પગાર અને રૂા.૨૦૦/- રોજનાં ભથ્થા તરીકે આપતા હતા. તેઓને ઓવરટાઇમનાં પૈસા અલગથી આપતા હતા. ગુજરનાર મર્હુમ સુફીકુલ ખાબુદીન શેખ તા.૨૫/૦૮/૨૦૨૧ નાં રોજ સામાવાળા નં.૧ સંસ્થા ની રાખેલ કોન્ટ્રાક્ટની જગ્યા ઉપરનાં સ્થળે જે રક્ષાશક્તિ યુનિવર્સિટી, લવાડ, દહેગામ, ગાંધીનગર આવેલ છે. ત્યાં જુદાં-જુદાં મોટાં-મોટાં પતરાનાં શેડ બનાવવાનું કામકાજ દિવસ-રાત ફેબ્રીકેશનનું કામ કામદારો પાસે કરાવતા હતા. તે દરમ્યાન રાત્રીનાં ૦૩:૦૦ વાગ્યાનાં સુમારે કામકાજ ચાલતું હતું ત્યારે ગુજરનાર મર્હુમ સુફીકુલ ખાબુદીન શેખ બીજાં કામદારને સામાવાળા નં.૧ સંસ્થા નાં સુચના અનુસાર કામ સારું બીજા શેડમાં રક્ષાશક્તિ યુનિવર્સિટી, લવાડ બોલાવવા ગયેલ હતા, ત્યાં રાત્રીનાં અંધારામાં એકાએક એક ઝેરી સાપ જેવું હાથ ઉપર કરડી જતાં ગુજરનાર મર્હુમ સુફીકુલ શેખનાંઓને તેનાથી શરીરે ઝેર પ્રસરી જતાં તેઓને સારવાર સારું જનરલ સિવિલ હોસ્પીટલ, ગાંધીનગરમાં લઈ ગયેલા હતાં. ત્યાં ફરજ ઉપરનાં ડોક્ટર સાહેબે

તેઓને મરણ જાહેર કરેલ હતા. અકસ્માત સમયે સુફીકુલ ખાબુદીન શેખની ઉંમર ૪૮ વર્ષની હતી. અમો અરજદારો ગુજરનાર મર્હુમ સુફીકુલ ખાબુદીન શેખનાં મરણથી નિરાધાર બની ગયા છીએ. અમો અરજદારો ગુજરનાર મર્હુમની આવક ઉપર અમારું જીવન ગુજારતા હતા. ગુજરનાર મર્હુમની પાછળ અરજદારોને રૂા.૨૫,૦૦૦/- દવાનો ખર્ચ થયેલો હતો. તેમજ તેઓની લાશને લાવવા લઈ જવાનો વાહન ભાડા ખર્ચ રૂા.૫૦,૦૦૦/- થયેલ છે અને અંતિમક્રિયા પાછળ ખર્ચ રૂા.૨૫,૦૦૦/- થયેલ છે. આથી સામાવાળા અમારા પતિનાં અકસ્માત મૃત્યુ વળતરનાં રૂ.૧૫,૦૦,૦૦૦/- અકસ્માત તારીખથી ૧૮% વ્યાજ સહીત ચુકવી આપે તેવો હુકમ ફરમાવવા વિનંતી  કરેલ છે.

**(3)** ત્યારબાદ હાલનાં કામે આ કામનાં સામાવાળા સંસ્થાનાંઓને કાઢવામાં આવેલ નોટીસ તેઓને ધોરણસર બજી જતાં સામાવાળા નં.૧ સંસ્થા સંસ્થા જાતે હાજર થયેલ તથા સામાવાળા નં.૨ સંસ્થા સંસ્થા તર્ફે વિ.વ.શ્રી એસ.એસ.પારેખનાંઓનું વકીલાતપત્ર રજુ થયેલ છે.

**(4)** ત્યારબાદ સામાવાળા નં.૧ સંસ્થા તર્ફે આંક-૧૨ થી જવાબ રજુ કરેલ છે અને અરજદારની અરજની હકીકતોનો સ્પષ્ટપણે સ્વીકાર કર્યા સિવાયની તમામ હકીકતોનો ઇન્કાર કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, "અરજદાર અમારા ત્યાં મજુર તરીકે વર્ષોથી ફેબ્રીકેશનનું કામ કરતા હતા. અકસ્માત થયો હોય તો પણ અમોએ આ કામનાં સામાવાળા નં.૨ સંસ્થા ઇફકો ટોકીઓ જનરલ ઇન્સ્યોરન્સ કંપની લી. નો વીમો ઉતારેલ છે. જેનો પોલીસી નં.૪૩૨૩૪૭૪૩ છે જેનો વીમાનો પીરીયડ તા.૨૨/૦૬/૨૦૨૧ થી તા.૨૨/૦૯/૨૦૨૧ નો છે. ગુજરનાર મર્હુમ સુફીકુલ ખાબુદીન શેખને અકસ્માત મરણ તા.૨૫/૦૮/૨૦૨૧ ની છે. આથી અકસ્માત અંગેનાં કામદારનાં મરણ અંગેનાં વળતરની તમામ જવાબદારી તથા તે ઉપર થતું વ્યાજ તથા ખર્ચ તેમજ ઉત્તરક્રિયાનો ખર્ચ સામાવાળા નં.૨ સંસ્થાની છે. અરજદારને તમામ પ્રકારની દાદની રકમ સામાવાળા નં.૨ સંસ્થાનાંઓ આપવા જવાબદાર છે. આમ, સામાવાળા નં.૧ સંસ્થાની વળતરની જવાબદારીમાંથી મુક્તી આપવા વિનંતી કરવામાં આવેલ છે.

**(5)** ત્યારબાદ હાલનાં કામે સામાવાળા નં.૨ સંસ્થા તર્ફે આંક-૧૧ થી જવાબ રજુ કરેલ છે અને અરજદારની અરજ હકીકતોનો સ્પષ્ટપણે સ્વીકાર કર્યા સીવાયની તમામ હકીકતોનો ઇન્કાર કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, ગુજરનાર મર્હુમ સુફીકુલ ખાબુદીન શેખનો કામદાર તરીકે સમાવેશ થતો નથી.

સામાવાળા નં.૨ સંસ્થા અને અરજદાર વચ્ચે માલીક-નોકરનાં સંબંધ ન હતા. ગુજરનાર મર્હુમ સુફીકુલ ખાબુદીન શેખનું મૃત્યુ નોકરીનાં સમય દરમ્યાન થયું ન હતું. જેથી સામાવાળા નં.૨ સંસ્થા અરજદારોએ માંગેલ વળતરની રકમ ચુકવવા જવાબદાર નથી. સામાવાળા નં.૧ સંસ્થા નાંઓએ તેમનાં કામદારો માટે વીમા પોલીસી લીધેલ છે જેનો સમયગાળો તા.૨૨/૦૬/૨૦૨૧ થી તા.૨૨/૦૯/૨૦૨૧ સુધીની તથા પોલીસી નં.૪૩૨૩૪૭૪૩ છે. ગુજરનાર મર્હુમ સુફીકુલ શેખને સવારે ૦૩:૦૦ વાગ્યે સાપ કરડ્યો હતો. જ્યારે તેમની ફરજનો સમય સવારે ૧૦:૦૦ થી સાંજનાં ૦૬:૦૦ કલાક સુધીનો હતો. ગુજરનારનાં જમણા અંગુઠા ઉપર કરડ્યો હતો. ગુજરનાર જો કામ કરતા હોય તો તેમને સાપ પગે કરડે નહીં કે હાથનાં અંગુઠા ઉપર કરડે. આવું ત્યારે જ શક્ય બને છે કે જ્યારે ગુજરનાર ખાટલામાં સુતા હોય ત્યારે તેમનો હાથ લટકતો હોય અથવા ગુજરનાર મર્હુમ જમીન ઉપર સુતા હોય ત્યારે તેમને સાપે જમણા હાથનાં અંગુઠા ઉપર ડંખ મારેલ હોય. જેથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે, ગુજરનારનું મૃત્યુ તેમની ફરજ દરમ્યાન થયેલ નથી. જનરલ હોસ્પીટલ, ગાંધીનગરનાં ડોક્ટરશ્રીએ આપેલ મેડીકલ સર્ટીફીકેટમાં મૃત્યુનું કારણ નક્કી કરવા માટે પી.એમ. માટે જણાવેલ હતું. પરંતુ ગુજરનારનું પી. એમ. કરાવેલ નથી. અરજદાર તથા સામાવાળા નં.૧ સંસ્થાનાંઓએ જરૂરી દસ્તાવેજો પુરા પાડેલ નથી. જેથી સામાવાળા નં.૨ સંસ્થા આગળની પ્રક્રિયા કરવામાં અસમર્થ છે. અરજદાર નામદાર કોર્ટમાં ચોખ્ખા હાથે આવેલ નથી. જેથી અરજદારોની અરજી ખર્ચ સહીત રદ્દ કરવા અરજ કરેલ છે.

**(6)** ત્યારબાદ હાલનાં કામે અરજદારો તર્ફે નીચે મુજબનાં મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે :

➢ **મૌખીક પુરાવા ::-**

**૧.** આંક-૧૪ થી અરજદાર નં.૧ રોકેયાબીબી સુફીકુલ શેખનાંઓનું પુરાવાનું સોગંદનામું.

૨. આંક-૧૮ થી સાહેદ ડો. પલક રઘુવીરભાઇ નાયકનાંઓની સરતપાસ તથા ઉલટતપાસ.

➢ **દસ્તાવેજી પુરાવા ::-**

| **અનુ. નં.** | **વિગત** | **નિશાની/આંક** |
|---|---|---|
| ૧. | વીમા પોલીસી. | ૨/૧/૧ |
| ૨. | મેડીકલ સર્ટીફીકેટ | ૨/૧/૨ |

| | | |
|---|---|---|
| ૩. | દાવો નામંજુર કરતો પત્ર. | ૨/૧/૩ |
| ૪. | ગુજરનાર મર્હુમ સુફીકુલ ખાબુદ્દીન શેખનું આધારકાર્ડ. | ૨/૧/૪ |
| ૫. | પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર, દહેગામની ટ્રાન્સફર ચીટ | ૧૯ |
| ૬. | સુફીકુલનાં સારવારનાં કેસ પેપર્સ | ૨૦ |
| ૭. | પોસ્ટમોર્ટમ રીફર નોટ | ૨૧ |

(ત્યારબાદ હાલનાં કામે તા.૦૨/૦૩/૨૦૨૪ નાં રોજનાં રોજકામમાં અરજદાર કે તેમના વિ.વ.શ્રી. હાજર રહેત ના હોઇ તેમજ વધુ પુરાવા રજુ કરવા સારું મુદ્દત રીપોર્ટ રજુ કરેલ ન હોઇ, અરજદારનો હાલનાં કામે વધુ પુરાવા રજુ કરવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે.)

(ત્યારબાદ સામાવાળા સંસ્થાનાંઓ તર્ફે યોગ્ય સમય અને તક આપવા છતાં પુરાવા રજુ કરવામાં આવેલ ન હોય, આંક-૦૧ નીચે હુકમ કરી, સામાવાળા સંસ્થાનાંઓનો પુરાવા રજુ કરવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે.)

**(7)** ત્યારબાદ હાલનાં કામે અરજદારોને યોગ્ય સમય અને પુરતી તક આપવા છતાં તેઓ તર્ફે અરજદાર કે તેઓનાં વિ.વ.શ્રી. હાજર દ્વારા દલીલો કરવામાં આવેલ કરેલ ન હોય, અત્રેની કોર્ટ દ્વારા આંક-૦૧ નીચે હુકમ કરી, અરજદારોનો હાલનાં કામે દલીલો કરવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

ત્યારબાદ સામાવાળા નં.૧ સંસ્થાનાંઓ તર્ફે યોગ્ય સમય અને તક આપવા છતાં દલીલ રજુ કરવામાં આવેલ ન હોય, આંક-૦૧ નીચે હુકમ કરી, સામાવાળા નં.૧ સંસ્થાનાંઓનો દલીલ રજુ કરવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

ત્યારબાદ હાલનાં કામે સામાવાળા નં.૨ સંસ્થા તર્ફે વિ.વ.શ્રી એસ.એસ.પારેખનાંઓની મૌખીક દલીલો સાંભળવામાં આવેલ છે. સદર દલીલોમાં તેમણે રજુ કરેલ જવાબની હકીકતોનું પુન:રાવર્તન કરેલ છે. તેમજ વધુમાં જણાવેલ છે કે, અકસ્માત રાત્રીનાં ૦૩:૦૦ વાગ્યે ગુજરનાર મર્હુમ તેમનાં ટેન્ટમાં સુતેલ હતા ત્યારે સાપ કરડવાથી થયેલ છે. ગુજરનારનું અવસાન ફરજનાં સ્થળે કે ફરજનાં ભાગરૂપે ફરજ બજાવતા સમયે થયેલ નથી. જેથી સામાવાળા સંસ્થાનાંઓ વળતર, પેનલ્ટી કે વ્યાજ ચુકવવા જવાબદાર થતાં ના હોય, અરજદારોની હાલની અરજ ખર્ચ સહ નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

**(8)** ઉપરોક્ત હકીકતે સદરહું કેસના ન્યાયીક નિર્ણય અર્થે આંક-૧૪ થી નીચે મુજબનાં મુદ્દાઓ અમારા પુરોગામી વ. કો. કમિશ્નરશ્રી દ્વારા કાઢવામાં આવેલ છે.

## -:: મુદ્દાઓ ::-

1. Whether the applicants prove that they are the dependent of the deceased ?
2. Whether the applicants prove that the deceased was an employee of the Opponent No.1 ?
3. Whether the applicants prove that the death of the deceased has resulted from an accident arising out of and in the course of his employment ?
4. What is the age and monthly income of the deceased at the time of an accident ?
5. Whether the applicants are entitled to get compensation as per law ? If yes, What amount ?
6. Whether the opponents are liable to pay penalty and interest? If yes, then how much ?
7. What order ?

**(9)** ઉપરોક્ત મુદ્દાઓનાં મારા નિર્ણયો હવે પછી જણાવેલ કારણો અનુસાર નીચે મુજબ છે.

1. હકારમાં.
2. હકારમાં.
3. નકારમાં.
4. અકસ્માત સમયે ગુજરનાર મર્હુમની ઉંમર ૪૮ વર્ષ તથા માસીક પગાર રૂ.૨૦,૦૦૦/-.
5. નકારમાં.
6. નકારમાં.
7. આખરી હુકમ મુજબ.

## -:: કા ર ણો ::-

**(10)** મુદ્દા નં.૧ ::-

**(10.1)** હાલનાં કામે અરજદાર તથા સામાવાળા સંસ્થાનાંઓ તર્ફે રજુ થયેલ પુરાવાઓનું મૂલ્યાંકન કરતા પહેલાં પ્રથમ વર્કમેન્સ કોમ્પેનસેશન એક્ટ,૧૯૨૩ નાં પ્રકરણ-૨ માં કરવામાં આવેલ જોગવાઇને ધ્યાને લેવામાં આવે તો તે કેટલાક ચોક્કસ વર્ગનાં માલીકો તેમના કામદારોને સંસ્થામાં કામ કરતા

દરમ્યાન થયેલ અકસ્માત ઇજાનાં કારણે આવતી કાયમી આંશીક કે પુરેપુરી અશક્તતા કે ઇજાનાં કારણે થતાં અકસ્માત મૃત્યુનાં કિસ્સામાં શ્રમયોગી કે તેનાં આશ્રિતોને વળતર ચુકવી આપે તે સુનિશ્ચિત કરવાનાં હેતુથી રચાવામાં આવેલ છે. તે સંજોગોમાં અરજદાર ઉપર સૌપ્રથમ એ હકીકત સાબિત કરવાની જવાબદારી રહેલ છે કે, ગુજરનાર અને સામાવાળા વચ્ચે કામદાર-માલીકનો સંબંધ છે. વધુમાં ગુજરનારનું અવસાન પોતાની ફરજ દરમ્યાન અને ફરજનાં ભાગે કરવામાં આવેલ કામગીરી દરમ્યાન થયેલ છે. વધુમાં વર્કમેન્સ કોમ્પેનસેશન એક્ટ,૧૯૨૩ માં ક્યાંય અકસ્માત શબ્દની વ્યાખ્યા આપવામાં આવેલ નથી. તેમજ કામદાર રાજ્ય વીમા અધિનિયમમાં પણ તેની વ્યાખ્યા નથી. પરંતુ "અકસ્માત" નો ડિક્શનરી અર્થ એ થાય કે "કાંઇપણ જાણ થયા વિના અણધાર્યો બનાવ".

**(10.2)** ઉપરોક્ત મુદ્દાનું સ્વરૂપ જોતાં અરજદારો ગુજરનાર મર્હુમનાં આશ્રિતો તથા વારસો છે કે કેમ તે અંગે અરજદારો તર્ફે રજુ અરજમાં હાલનાં અરજદારો ગુજરનાર મર્હુમ સુફીકુલ ખાબુદ્દીન શેખનાં અનુક્રમે પત્ની, પુત્ર, પુત્રી તથા માતા થતાં હોવાનું જણાવેલ છે. હાલનાં કામે તેઓના કથનનાં સમર્થનમાં અરજદારો તર્ફે આંક-૧૪ થી અરજદાર નં.૧ ની સોગંદ ઉપરની જુબાની રજુ કરેલ છે. સદર જુબાનીમાં સોગંદનામામાં સદર હકીકતો જણાવી તેને વળગી રહેલ છે. જે અન્વયે સામાવાળા સંસ્થાનાંઓ તર્ફે અરજદારની ઉલટતપાસ કરવામાં આવેલ નથી કે અરજદારો ગુજરનાર મર્હુમનાં વારસદારો ન હોવા અંગે કોઇ વિરૂદ્ધની હકીકત કે પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં સફળ રહેલ નથી. તેથી અરજદારો ગુજરનાર મર્હુમનાં કાયદેસરનાં વારસદારો તથા આશ્રિતો ન હોવાનું માનવાને કોઇ કારણ નથી. વધુમાં, સદર હકીકત બાબતે કર્મચારી વળતર અધિનિયમ,૧૯૨૩ ની કલમ-૨(૧)(ડી) ની જોગવાઇ વંચાણે લેવી જરૂરી છે. જે નીચે મુજબ છે -

➢ ***<u>કલમ-૨(૧)(ડી)</u>*** *ની જોગવાઇ ધ્યાને લેતાં આશ્રિત એટલે મૃત્યુ પામેલા કામદારનાં કોઇ સગાં પૈકી*

***(૧)*** *વિધવા, સગીર ઔરસ અથવા દત્તક લિધેલ પુત્ર અને અપરિણિત ઔરસ અથવા દત્તક લિધેલ પુત્રી અથવા વિધવા માતા અને*

***(૨)*** *કામદારનાં મૃત્યુ સમયે તેની કમાણી ઉપર પુરેપુરો આશ્રિત હોય તો અઢાર વર્ષની વયનો પણ અશક્ત પુત્ર અથવા પુત્રી,*

*વધુમાં વિવરણમાં જણાવેલ છે કે, પેટા કલમ-(૧) આ ખંડ(ડી) નાં પેટા-ખંડ(૨) ::- આ પેટા ખંડ(૨) માં બે મુખ્ય બાબતો છે. (૧) દાવેદાર સંપૂર્ણપણે તેના મૃત્યુ વખતે તેના ઉપર આશ્રિત હોવા જોઇએ, (૨) તે અશક્ત હોવા જોઇએ, (૩) કામદારનાં મૃત્યુ સમયે તેની કમાણી ઉપર પુરેપુરા અથવા અંશત: આશ્રિત હોય તો, (એ) વિધુર, (બી) માતા કે પિતા,*

*(સી) સગીર અનૌરસ પુત્ર, અપરિણિત અનૌરસ પુત્રી અથવા પરણેલી અને સગીર અથવા વિધવા અને સગીર ઔરસ અથવા અનૌરસ અથવા દત્તક લિધેલી પુત્રી, (ડી) સગીર ભાઇ અથવા અપરિણિત કે વિધવા બહેન, (ઇ) વિધવા પુત્રવધુ, (એફ) મૃત્યુ પામેલ પુત્રનું સગીર બાળક, (જી) પહેલાં મૃત્યુ પામેલી પુત્રીનું સગીર સંતાન, તેના માતા-પિતા હયાત ન હોય તો અથવા (એચ) કામદારનાં માતા-પિતા હયાત ન હોય, તો પિતામહ અથવા પિતામહી.*

આમ, ઉપરોક્ત વ્યાખ્યા મુજબ હાલનાં કામનાં અરજદારોનો આશ્રિતની વ્યાખ્યામાં સમાવેશ થતો હોઇ, હાલનાં કામે અરજદાર નં.૧ થી નં.૪ નાંઓ અનુક્રમે ગુજરનાર મર્હુમ સુફીકુલ ખાબુદ્દીન શેખનાં પત્નીપત્ની, પુત્ર, પુત્રી તથા માતા થાય છે. તેમજ અકસ્માત સમયે અરજદારો ગુજરનાર મર્હુમ સુફીકુલ ખાબુદ્દીન શેખની કમાણી ઉપર આશ્રિત હતા. જેથી તેઓને ગુજરનાર મર્હુમ સુફીકુલ ખાબુદ્દીન શેખનાં વારસો તથા આશ્રિતો હોવાનું ઠરાવવામાં આવે છે. જેથી મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**(11)** **<u>મુદ્દા નં.૨ તથા નં.૩</u>** ::- મુદ્દા નં.૨ તથા નં.૩ ની હકીકતો એકબીજાં સાથે સંકળાયેલ હોય, હાલનાં કામે હકીકતોનું પુનરાવર્તન ન થાય તે સારું મુદ્દા નં.૨ તથા નં.૩ ની ચર્ચા એકસાથે નીચે મુજબ કરવામાં આવેલ છે અને સંયુક્ત તારણ આપવામાં આવેલ છે.

**(11.1)** હાલનાં તબક્કે હાલનાં કામે રજુ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું મૂલ્યાંકન કરતાં પહેલાં ભારતીય સાક્ષ્ય અધિનિયમ,૨૦૨૩ ની કલમ-૧૦૪ તથા કલમ-૧૦૫ (પહેલાં ભારતીય પુરાવા અધિનિયમ,૧૮૭૨ ની કલમ-૧૦૧ તથા કલમ-૧૦૨) વંચાણે લેવી જરૂરી છે.

➢ ***<u>કલમ-૧૦૪ : સાબિતીનો બોજો ::-</u>*** *જે કોઇ એમ ઇચ્છતો હોય કે તેણે પ્રતિપાદિત કરેલી હકીકતોની સાબિતીનો અસ્તિત્વ ઉપર આધારીત કોઇ કાયદેસરના હક્ક અથવા જવાબદારી વિષે કોઇ બીજું ન્યાયાલય ફેંસલો આપે, તે તેણે સાબિત કરવું પડશે કે તે હકીકતો અસ્તિત્વમાં છે. કોઇ વ્યક્તિ, કોઇ હકીકતનું અસ્તિત્ત્વ સાબિત કરવા બંધાયેલી હોય, ત્યારે સાબિતીનો બોજો તે વ્યક્તિ ઉપર છે, એમ કહેવાય.*

➢ ***<u>કલમ-૧૦૫ : સાબિતીનો બોજો કોના પર રહે ::-</u>*** *કોઇ દાવા કે કાર્યવાહીમાં સાબિતીનો બોજો તે* વ્યક્તિ પર રહે છે કે જે કોઇપણ પક્ષે કશો જ પુરાવો આપવામાં ન આવે તો નિષ્ફળ જશે.

ઉપરોક્ત કલમની જોગવાઇ ધ્યાને લેવામાં આવે તો જે વ્યક્તિએ પોતાની તરફેણમાં અદાલત દ્વારા કોઇ અધિકાર મેળવવા ચુકાદો આપે, તો તે વ્યક્તિએ પોતાની હકીકત સાબિત કરવી પડે તેમાં

સામાપક્ષની નબળાઇ મદદરૂપ થઇ શકે નહી. સદર કામે અરજદાર ઉપર એ હકીકત પુરવાર કરવાની જવાબદારી રહેલી છે અને જ્યાં સુધી અરજદાર સબળ પુરાવાથી પોતાનો કેસ સાબિત ન કરે ત્યાં સુધી આ સાબિતીનો બોજો વાદી ઉપર રહે છે. જે અંગે ***નામદાર સુપ્રિમ કોર્ટનાં શીવ ચરનસીંગ વિ. ચંદ્રભાન સીંગ (એ.આઇ.આર.૧૯૮૮ સુપ્રિમ કોર્ટ ૬૩૭)*** નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, વાદીએ તેમનો કેસ તેમના સબળ પુરાવાનાં આધારે સાબિત કરવાનો રહે છે નહીં કે પ્રતિવાદીની નબળાઇઓ ઉપર આધાર રાખીને. વધુમાં, દાવામાં શરૂઆતથી જ સાબિતીનો બોજો વાદી ઉપર રહે છે અને વાદીનાં આ સાબિતીનાં બોજાને પ્રતિવાદીએ પુરાવો આપેલ ના હોય તે હકીકત માત્રથી તે પ્રતિવાદી ઉપર સાબિતીનો બોજો આપોઆપ શિફ્ટ થતો નથી. પરંતુ જે બાબત વાદીએ પુરાવાથી સાબિત કરવી જોઇએ એ સાબિત થયેથી સાબિતીનો બોજો પ્રતિવાદી ઉપર શિફ્ટ થાય છે. આમ, ઉપરોક્ત ચર્ચા મુજબ અરજદારો પોતાની અરજીની હકીકત હાલનાં કામે રજુ કરેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓથી પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ નથી.

**(11.2)** વધુમાં હાલનાં તબક્કે વર્કમેન્સ કોમ્પેનસેશન એક્ટ,૧૯૨૩ ની કલમ-૩ ની જોગવાઇ વંચાણે લેવી જરૂરી છે જે નીચે મુજબ છે -

- ***કલમ-૩ : વળતર આપવા માટેની માલીકની જવાબદારી ::-***

  ***(૧)*** *કોઇ કામદારને તેની કામગીરીમાંથી અને તે દરમ્યાન થતા અકસ્માતથી શારીરિક ઇજા થાય તો, તેને માલીક આ પ્રકરણની જોગવાઇઓ અનુસાર વળતર આપવા માટે જવાબદાર રહેશે; પરંતુ,*

  *(અ) જેથી ત્રણથી વધુ દિવસની મુદ્દત માટે તે કામદારને પૂરી અથવા આંશિક અશક્તતા નીપજે નહીં એવી કોઇ ઇજા અંગે;*

  *(બી) (૧) અકસ્માત થતી વખતે તે કામદાર દારૂનાં અથવા કેફી પદાર્થનાં નશામાં હોવાને કારણે, અથવા*

  ***(૨)*** *કામદારોની સલામતી જાળવવા માટે સ્પષ્ટ રીતે આપેલા હુકમનાં અથવા સ્પષ્ટ રીતે કરેલા નિયમોનો કામદારે જાણીબુજીને કરેલા અનાદરને કારણે, અથવા*

  ***(૩)*** *કામદારોની સલામતી જાળવવા માટે જેની જોગવાઇ કરવામાં આવી હોવાનું પોતે જાણતો હોય તે સેફ્ટી ગાર્ડ અથવા બીજું સાધન, કામદારે જાણીબુજીને દૂર કર્યુ હોવાને લીધે અથવા તેના પ્રત્યે દુર્લક્ષ કર્યું હોવાને કારણે,*

*સીધી રીતે થયેલા મનાય એવા અકસ્માતથી થયેલ હોય ઇજા (પણ જેનાથી મૃત્યુ નિપજ્યુ ન હોય) અથવા સંપૂર્ણ કાયમી અશક્તતા થઈ ન હોય એવી કોઇ ઇજા અંગે, માલીક એ રીતે જવાબદાર રહેશે નહી.*

*વધુમાં ઉપરોક્ત કલમની જોગવાઇ મુજબ વળતર આપવા માટેની માલીકની જવાબદારી નીચેની ત્રણ શરતોને આધીન છે -*

***(૧)*** *કામદારને શારીરિક ઇજા થઈ હોવી જોઇએ;*

***(૨)*** *ઇજા અકસ્માતથી થયેલ હોવી જોઇએ;*

***(3)*** *અકસ્માત પોતાની કામગીરીમાંથી અને દરમ્યાન થયો હોવો જોઇએ.*

આમ, આ ત્રણ શરતોનું પાલન થાય તો જ વળતર આપવાની માલીકની જવાબદારી થાય છે. કલમ-૩(૧) હેઠળની જવાબદારી સંપૂર્ણ છે અને માલીકનાં પક્ષે થયેલ બેદરકારી ઉપર આધાર રાખતી નથી. માત્ર આ ત્રણ શરતોનું પાલન થયું હોવું જોઇએ.

હાલનાં તબક્કે ઉપરોક્ત કલમની જોગવાઇ અંગે નામદાર બોમ્બે હાઇકોર્ટ દ્વારા ***લક્ષ્મીબાઇ વિ. ચેરમેન એન્ડ ટ્રસ્ટીઝ બોમે પોર્ટ ટ્રસ્ટ, 55 Bom LR 924 : (AIR 1954 Bom 180)*** સદર ચુકાદામાં પ્રસ્થાપીત કરવામાં આવેલ છે કે,

***14.*** *The principles which emerge from these decisions are : (1) There must be a causal connection between the injury and the accident and the work done in the course of employment. (2) The onus is upon the applicant to show that it was the work and the resulting strain which contributed to or aggravated the injury. (3) It is not necessary that the workman must be actually working to the tune of his death or that death must occur while he is working or had just ceased to work. (4) Where the evidence is balanced; if the evidence shows a greater probability which satisfies a reasonable man that the work contributed to the causing of the personal injury, it would be enough for the workman to succeed.*

**(11.3)** ઉપરોક્ત કલમની જોગવાઈઓ તથા નામદાર બોમ્બે હાઇકોર્ટ દ્વારા ચુકાદામાં પ્રસ્થાપીત કરવામાં આવેલ સિદ્ધાંતોને ધ્યાને લઈ, હાલનાં કામે રજુ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવેલ છે. હાલનાં કામનાં અરજદારોએ પોતાની વળતર અરજમાં જણાવેલ છે કે, “આ કામનાં ગુજરનાર મર્હુમ સુફીકુલ ખાબુદ્દીન શેખ સામાવાળા નં.૧ સંસ્થા સંસ્થામાં વર્ષોથી ફેબ્રીકેશનની

મજુરીનું કામ કરતા હતા. સામાવાળા નં.૧ સંસ્થા ગુજરનાર મર્હુમને માસીક રૂા.૨૦,૦૦૦/- પગાર તથા રૂા.૨૦૦/- રોજનાં ભથ્થા તરીકે ચુકવતા હતા. વધુમાં, ગુજરનાર મર્હુમ સુફીકુલ ખાબુદીન શેખ તા.૨૫/૦૮/૨૦૨૧ નાં રોજ સામાવાળા નં.૧ સંસ્થા ની રાખેલ કોન્ટ્રાક્ટની જગ્યા ઉપરનાં સ્થળે જે રક્ષાશક્તિ યુનિવર્સિટી, લવાડ, દહેગામ, ગાંધીનગર આવેલ છે. ત્યાં જુદાં-જુદાં મોટાં-મોટાં પતરાનાં શેડ બનાવવાનું કામકાજ દિવસ-રાત ફેબ્રીકેશનનું કામ કામદારો પાસે કરાવતા હતા. તે દરમ્યાન રાત્રીનાં ૦૩:૦૦ વાગ્યાનાં સુમારે કામકાજ ચાલતું હતુ ત્યારે ગુજરનાર મર્હુમ સુફીકુલ ખાબુદીન શેખ બીજા કામદારને સામાવાળા નં.૧ સંસ્થાનાં સુચના અનુસાર કામ સારું બીજા શેડમાં રક્ષાશક્તિ યુનિવર્સિટી, લવાડ બોલાવવા ગયેલ હતા, ત્યાં રાત્રીનાં અંધારામાં એકાએક એક ઝેરી સાપ જેવું હાથ ઉપર કરડી જતાં ગુજરનાર મર્હુમ સુફીકુલ શેખનાંઓને તેનાથી શરીરે ઝેર પ્રસરી જતાં તેઓને સારવાર સારું જનરલ સિવિલ હોસ્પીટલ, ગાંધીનગરમાં લઈ ગયેલા હતાં. ત્યાં ફરજ ઉપરનાં ડોક્ટર સાહેબે તેઓને મરણ જાહેર કરેલ હતા. સદર હકીકત અન્વયે સામાવાળા નં.૧ સંસ્થા તર્ફે આંક-૧૨ થી જવાબ રજુ કરેલ છે અને અરજદારની અરજની હકીકતોનો સ્પષ્ટપણે સ્વીકાર કર્યા સિવાયની તમામ હકીકતોનો ઇન્કાર કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, “અરજદાર અમારા ત્યાં મજુર તરીકે વર્ષોથી ફેબ્રીકેશનનું કામ કરતા હતા. અકસ્માત થયો હોય તો પણ અમોએ આ કામનાં સામાવાળા નં.૨ સંસ્થા ઇફકો ટોકીઓ જનરલ ઇન્સ્યોરન્સ કંપની લી. નો વિમો ઉતારેલ છે. જેનો પોલીસી નં.૪૩૨૩૪૭૪૩ છે જેનો વીમાનો પીરીયડ તા.૨૨/૦૬/૨૦૨૧ થી તા.૨૨/૦૯/૨૦૨૧ નો છે. ગુજરનાર મર્હુમ સુફીકુલ ખાબુદીન શેખને અકસ્માત મરણ તા.૨૫/૦૮/૨૦૨૧ ની છે. આથી અકસ્માત અંગેનાં કામદારનાં મરણ અંગેનાં વળતરની તમામ જવાબદારી તથા તે ઉપર થતું વ્યાજ તથા ખર્ચ તેમજ ઉત્તરક્રિયાનો ખર્ચ સામાવાળા નં.૨ સંસ્થા ની છે. અરજદારને તમામ પ્રકારની દાદની રકમ સામાવાળા નં.૨ સંસ્થા નાંઓ આપવા જવાબદાર છે. આમ, સામાવાળા નં.૧ સંસ્થાને વળતરની જવાબદારીમાંથી મુક્તી આપવા વિનંતી કરવામાં આવેલ છે.

જ્યારે માવાળા નં.૨ તર્ફે આંક-૧૧ થી જવાબ રજુ કરેલ છે અને અરજદારની અરજ હકીકતોનો સ્પષ્ટપણે સ્વીકાર કર્યા સીવાયની તમામ હકીકતોનો ઇન્કાર કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, ગુજરનાર મર્હુમ સુફીકુલ ખાબુદ્દીન શેખનો કામદાર તરીકે સમાવેશ થતો નથી. સામાવાળા નં.૨ સંસ્થા અને અરજદાર વચ્ચે માલીક-નોકરનાં સંબંધ ન હતા. ગુજરનાર મર્હુમનું મૃત્યુ નોકરીનાં

સમય દરમ્યાન થયુ ન હતું. જેથી સામાવાળા નં.૨ સંસ્થા અરજદારોએ માંગેલ વળતરની રકમ ચુકવવા જવાબદાર નથી. વધુમાં ગુજરનાર મર્હુમ સુફીકુલ શેખને સવારે ૦૩:૦૦ વાગ્યે સાપ કરડ્યો હતો. જ્યારે તેમની ફરજનો સમય સવારે ૧૦:૦૦ થી સાંજનાં ૦૬:૦૦ કલાક સુધીનો હતો. જેથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે, ગુજરનારનું મૃત્યુ તેમની ફરજ દરમ્યાન થયેલ નથી. જનરલ હોસ્પીટલ, ગાંધીનગરનાં ડોક્ટરશ્રીએ આપેલ મેડીકલ સર્ટીફીકેટમાં મૃત્યુનું કારણ નક્કી કરવા માટે પી. એમ. માટે જણાવેલ હતું. પરંતુ ગુજરનારનું પી. એમ. કરાવેલ નથી. અરજદાર તથા સામાવાળા નં.૧ સંસ્થાનાંઓએ જરૂરી દસ્તાવેજો પુરા પાડેલ નથી. જેથી સામાવાળા નં.૨ સંસ્થા આગળની પ્રક્રિયા કરવામાં અસમર્થ છે. અરજદાર નામદાર કોર્ટમાં ચોખ્ખા હાથે આવેલ નથી. જેથી અરજદારોની અરજી ખર્ચ સહીત રદ્દ કરવા અરજ કરેલ છે.

**(11.4)** વધુમાં હાલનાં કામે અરજદારોની અરજ હકીકતનો ઇન્કાર કરી, સામાવાળા સંસ્થાનાંઓ દ્વારા બચાવ લઈ જણાવેલ છે કે, ગુજરનાર મર્હુમ સુફીકુલ ખાબુદ્દીન શેખનો કામદાર તરીકે સમાવેશ થતો નથી. સામાવાળા નં.૨ સંસ્થા અને અરજદાર વચ્ચે માલીક-નોકરનાં સંબંધ ન હતા. ગુજરનાર મર્હુમનું મૃત્યુ નોકરીનાં સમય દરમ્યાન થયુ ન હતું. તે સંજોગોમાં વર્કમેન્સ કોમ્પેનસેશન એક્ટ,૧૯૨૩ નાં પ્રકરણ-૨ માં કરવામાં આવેલ જોગવાઇ મુજબ અરજદારો ઉપર સદર હકીકત આધારરૂપ પુરાવાથી પુરવાર કરવાની જવાબદારી રહેલ છે કે, ગુજરનાર અને સામાવાળા વચ્ચે કામદાર-માલીકનો સંબંધ છે. તેમજ ગુજરનારનું અવસાન સામાવાળા સંસ્થાની ફરજ દરમ્યાન અને ફરજનાં ભાગે કરવામાં આવેલ કામગીરી દરમ્યાન થયેલ છે.

ઉપરોક્ત જોગવાઇને અન્વયે હાલનાં કામે અરજદારો તર્ફે રજુ મૌખીક પુરાવા તથા દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરતા, હાલનાં કામે અરજદારો તર્ફે પોતાની અરજની ઉપરોક્ત હકીકત પુરવાર કરવા સારું અરજદારો તર્ફે આંક-૧૪ થી અરજદાર નં.૧ ની સોગંદ ઉપરની જુબાની રજુ કરેલ છે. સદર સોગંદનામામાં તેઓએ વળતર અરજની હકીકતોનું પુન:રાવર્તન કરેલ છે. પરંતુ અરજદારોને પુરતી તક અને યોગ્ય સમય આપવા છતાં અરજદાર નં.૧ ઉલટ તપાસ સારું હાજર થયેલ નથી. જેથી સદર હકીકત અન્વયે અરજદાર નં.૧ ની સામાવાળા સંસ્થાનાંઓ તર્ફે ઉલટ તપાસ થઈ શકેલ નથી. તે સંજોગોમાં અરજદાર નં.૧ દ્વારા રજુ સરતપાસનાં સોગંદનામાને પુરાવામાં ભારતીય સાક્ષ્ય

અધિનિયમ,૨૦૨૩ ની જોગવાઈ હેઠળ વંચાણે લેવામાં આવેલ નથી. આમ, અરજદાર નં.૧ ઉપરોક્ત મૌખીક પુરાવાથી અરજદારોની વળતર અરજની હકીકતોને સમર્થન પ્રાપ્ત થયેલ નથી.

**(11.5)** વધુમાં હાલનાં કામે અરજદાર તર્ફે આંક-૧૮ થી સાહેદ ડો.પલક રઘુવીરભાઇ નાયકની સરતપાસ લેવામાં છે તથા તે લગત સાહેદની સામાવાળા નં.૨ સંસ્થા તર્ફે વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે. સદર ઉલટ તપાસમાં સાહેદે એ હકીકતનો કબુલ રાખેલ છે કે, "દર્દી સફીકુલ ઇસ્લામની હીસ્ટ્રી લેવામાં આવેલી. જેમાં તેમના સંબંધીએ જણાવેલ કે, ડાબા હાથનાં અંગુઠા ઉપર કંઇક કરડ્યુ છે તે લવાડ ગામે ઘરે કરડ્યુ છે. એ વાત ખરી છે કે, દર્દીને આપવામાં આવેલ ઇન્જેક્શન એન્ટી સ્નેક વેનમ સાપનું ઝેર ઉતારવા માટેનું ઇન્જેક્શન છે. એ વાત ખરી છે કે, આ સારવાર આપવા છતાં પણ દર્દી આશરે સવારે ૦૬:૪૫ કલાકે મૃત્યુ પામેલ. એ વાત ખરી છે કે, આવા કિસ્સામાં સામાન્ય રીતે મૃત્યુનું કારણ જાણવા સારું પોસ્ટમોર્ટમ માટે રીફર કરતા હોઇએ છીએ. એ વાત ખરી છે કે, આ કિસ્સામાં પણ પી. એમ. માટે રીફર કરેલ તેની ઓફીસ કોપી હું મારી સાથે લાવેલ છું. જે મારા હસ્તાક્ષરમાં છે. જેમાં નીચે મારી સહી છે. આ કિસ્સામાં રેકર્ડ ચેક કરતા મરણ જનારનાં સંબંધીએ પોલીસ રૂબરૂ નિવેદન આપેલ છે કે, પોસ્ટમોર્ટમ કરાવવું નથી. એ વાત ખરી છે કે, ત્યારબાદ પોલીસ દ્વારા મરણ જનારનાં સંબંધીને લાશની સોંપણી કરેલી. એ વાત ખરી છે કે, આ કિસ્સામાં મૃત્યુનું ચોક્કસ કારણ પોસ્ટમોર્ટમ દ્વારા જ જાણી શકાય.". તેમજ સદર સાહેદે આંક-૧૯ થી આંક-૨૧ સુધીનાં દસ્તાવેજો રજુ કરેલ છે. જેમાં આંક-૧૯ થી પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર, દહેગામની ટ્રાન્સફર ચીટ, આંક-૨૦ થી સુફીકુલનાં સારવારનાં કેસ પેપર્સ તથા આંક-૨૧ થી પોસ્ટમોર્ટમ રીફર નોટ રજુ રાખેલ છે. સદર દસ્તાવેજો વંચાણે લેવામાં આવેલ છે. જે ઉપરથી સાહેદનાં મૌખીક પુરાવાને સમર્થન પ્રાપ્ત થાય છે.

વધુમાં, વળતર અરજની સદર હકીકતો પુરવાર કરવા સારું અરજદારો તર્ફે હાલનાં કામે નિ.૨/૧/૧ થી નિ.૨/૧/૪ સુધીનાં દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે. જે પૈકી નિ.૨/૧/૧ થી વીમા પોલીસી, નિ.૨/૧/૨ થી મેડીકલ સર્ટીફીકેટ, નિ.૨/૧/૩ થી દાવો નામંજુર કરતો પત્ર, નિ.૨/૧/૪ થી સ્વ. નિકુંજકુમારનું મરણનુ સર્ટીફિકેટની નકલ રજુ કરેલ છે. સદર પુરાવાઓ હાલનાં કામે વંચાણે લેવામાં આવેલ છે. વધુમાં તે અન્વયે હાલનાં કામે આંક-૧૨ થી સામાવાળા નં.૧ સંસ્થા તર્ફે જવાબ રજુ કરેલ છે અને જણાવેલ છે કે, "અરજદાર અમારા ત્યાં મજુર તરીકે વર્ષોથી ફેબ્રીકેશનનું કામ

કરતા હતા.” તે સંજોગોમાં ભારતીય સાક્ષ્ય અધિનિયમ,૨૦૨૩ ની કલમ-૫૩ ની જોગવાઈ મુજબ જોગવાઈ કરવામાં આવેલ છે કે, “સ્વીકારેલી હકીકતો સાબિત કરવી જરૂરી નથી.” તે સંજોગોમાં ગુજરનાર મર્હુમ સુફીકુલ ખાબુદ્દીન શેખ હાલનાં કામનાં સામાવાળા નં.૧ સંસ્થાનાં કામદાર હોવાનું પુરવાર થાય છે. જેથી આ કાયદાની કલમ-૨(એન) મુજબ ગુજરનાર સામાવાળા નં.૧ સંસ્થા નાં કામદાર હતા અને સામાવાળા નં.૧ સંસ્થા આ કાયદાની કલમ-૨(૧)(ઇ) મુજબ માલીક હોવાનું ઠરાવવામાં આવે છે અને ઉપરોક્ત ચર્ચાનાં અંતે મુદ્દા નં.૨ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**(11.6)** વધુમાં મુદ્દા નં.૩ અન્વયે હાલનાં અરજદારો દ્વારા તેઓની અરજ તથા સોગંદ ઉપરનાં પુરાવામાં જણાવેલ છે કે, આ કામનાં ગુજરનાર મર્હુમ સુફીકુલ ખાબુદ્દીન શેખ ગુજરનાર મર્હુમ સુફીકુલ ખાબુદ્દીન શેખ તા.૨૫/૦૮/૨૦૨૧ નાં રોજ સામાવાળા નં.૧ સંસ્થા ની રાખેલ કોન્ટ્રાક્ટની જગ્યા ઉપરનાં સ્થળે જે રક્ષાશક્તિ યુનિવર્સિટી, લવાડ, દહેગામ, ગાંધીનગર આવેલ છે. ત્યાં જુદા-જુદા મોટા-મોટા પતરાનાં શેડ બનાવવાનું કામકાજ દિવસ-રાત ફેબ્રીકેશનનું કામ કામદારો પાસે કરાવતા હતા. તે દરમ્યાન રાત્રીના ૦૩:૦૦ વાગ્યાનાં સુમારે કામકાજ ચાલતું હતુ ત્યારે ગુજરનાર મર્હુમ સુફીકુલ ખાબુદ્દીન શેખ બીજા કામદારને સામાવાળા નં.૧ સંસ્થા નાં સુચના અનુસાર કામ સારું બીજા શેડમાં રક્ષાશક્તિ યુનિવર્સિટી, લવાડ બોલાવવા ગયેલ હતા, ત્યાં રાત્રીનાં અંધારામાં એકાએક એક ઝેરી સાપ જેવું હાથ ઉપર કરડી જતાં ગુજરનાર મર્હુમ સુફીકુલ શેખનાંઓને તેનાથી શરીરે ઝેર પ્રસરી જતાં તેઓને સારવાર સારું જનરલ સિવિલ હોસ્પીટલ ગાંધીનગરમાં લઈ ગયેલા હતાં. ત્યાં ફરજ ઉપરનાં ડોક્ટર સાહેબે તેઓને મરણ જાહેર કરેલ હતા. અરજદારોએ હાલનાં કામે રજુ કરેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓથી ગુજરનાર મર્હુમ સુફીકુલ શેખનાંઓને રાત્રીનાં ૦૩:૦૦ વાગ્યાનાં સુમારે અંધારામાં એકાએક એક ઝેરી સાપ જેવું હાથ ઉપર કરડી જતાં ગુજરનાર મર્હુમ સુફીકુલ શેખનાંઓને તેનાથી શરીરે ઝેર પ્રસરી જતાં અવસાન થયેલ હોવાનું પુરવાર થાય છે. પરંતુ ગુજરનાર હાલનાં કામનાં સામાવાળા નં.૧ સંસ્થાની ફરજ ઉપર હાજર હોવાનું પુરવાર થતું નથી તેમજ ગુજરનાર મર્હુમનું મૃત્યુ નોકરીનાં સમય દરમ્યાન ફરજનાં ભાગરૂપે સામાવાળા નં.૧ સંસ્થાની સુચનાં અનુસાર કામગીરી કરતાં સમયે થયેલ હોવાનું આધારરૂપ પુરાવાથી પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે.

**(11.7)** ઉપરોક્ત ચર્ચાને અંતે વર્કમેન્સ કોમ્પેનસેશન એક્ટ,૧૯૨૩ ની કલમ-૩ હેઠળ કરવામાં આવેલ વળતર આપવાની માલીકની જવાબદારીની જોગવાઇ તથા ઉપરોક્ત ચુકાદામાં નામદાર બોમ્બે

હાઇકોર્ટ દ્વારા પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંતોને ધ્યાને લઈ હાલનાં કેસમાં અરજદારની વળતર અરજીની હકીકત મુજબ ગુજરનાર મર્હુમ સુફીકુલ શેખનું મૃત્યુ ફરજનાં ભાગરૂપે થયેલ હોવાનું જણાવેલ છે. પરંતુ સદર હકીકત અરજદારો તર્ફે પુરવાર કરવા કોઇપણ પ્રકારનો આધારરૂપ પુરાવો રજુ કરી, પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. આ સંજોગોમાં ગુજરનાર મર્હુમનું મૃત્યુ તેમની ફરજનાં ભાગરૂપે કરવામાં આવેલ કાર્ય કરતા સમયે થયેલ હોવાની હકીકત પુરાવાથી પુરવાર કરવામાં અરજદારો નિષ્ફળ રહેલ હોવાનું ઠરાવવામાં આવેલ છે. આથી ઉપરોક્ત ચર્ચાનાં અંતે મુદ્દા નં.૩ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**(12)** **<u>મુદ્દા નં.૦૪</u> ::-**

**(12.1)** અકસ્માત સમયે ગુજરનાર મર્હુમની ઉંમર પુરવાર કરવા સારું અરજદારો તર્ફે નિ.૨/૧/૪ થી ગુજરનાર મર્હુમનાં આધારકાર્ડની નકલ રજુ કરેલ છે. જે વંચાણે લેતાં તેમાં ગુજરનાર મર્હુમની જન્મ તા.૦૧/૦૧/૧૯૭૩ હોવાનું દર્શાવેલ છે. વધુમાં, સામાવાળા સંસ્થાનાંઓ તર્ફે ગુજરનાર મર્હુમની ઉંમર બાબતે વિરુદ્ધનો કોઇ પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. વધુમાં હાલનાં કામે કહેવાતો બનાવ તા.૨૫/૦૮/૨૦૨૧ ના રોજ બનેલ છે. આથી અરજદાર તર્ફે રજુ થયેલ દસ્તાવેજી આધાર વંચાણે લેતાં અકસ્માત સમયે ગુજરનાર મર્હુમની ઉંમર ૪૮ વર્ષની હોવાનું ઠરાવવામાં આવે છે.

**(12.2)** વધુમાં, અરજદારોએ પોતાની વળતર અરજીમાં જણાવેલ છે કે "સામાવાળા સંસ્થા ગુજરનાર મર્હુમને માસીક રૂા.૨૦,૦૦૦/- વેતન ચુકવતા હતા. સદર હકીકત અન્વયે સામાવાળા નં.૧ સંસ્થા નાંઓ કે જેઓ ગુજરનાર મર્હુમને કામે રાખનાર માલીક છે તેઓ આ કામે હાજર રહી પોતાનાં જવાબમાં સદર હકીકતનો સ્વીકાર કરેલ છે. તે સંજોગોમાં ભારતીય સાક્ષ્ય અધિનિયમ,૨૦૨૩ ની કલમ-૫૩ મુજબ ગુજરનાર મર્હુમનો માસીક પગાર રૂા.૨૦,૦૦૦/- હોવાનું ઠરાવવામાં આવે છે. જેથી મુદ્દા નં.૦૪ નો જવાબ ઉપરોક્ત ચર્ચા મુજબ આપવામાં આવે છે.

**(13)** **<u>મુદ્દા નં.૦૫ તથા નં.૦૬</u> ::-** મુદ્દા નં.૦૫ તથા નં.૦૬ ની હકીકતો એકબીજાં સાથે સંકળાયેલ હોય, હાલનાં કામે હકીકતોનું પુનરાવર્તન ન થાય તે સારું મુદ્દા નં.૦૫ તથા નં.૦૬ ની ચર્ચા એક સાથે નીચે મુજબ કરવામાં આવેલ છે અને સંયુક્ત તારણ આપવામાં આવેલ છે.

હાલનાં કામે ઉપરોક્ત મુદ્દા નં.૩ માં ચર્ચા કર્યા મુજબ સામાવાળા નં.૨ સંસ્થા દ્વારા ગુજરનારનું મૃત્યુ સામાવાળા નં.૧ ની સુચના અન્વયે પોતાની ફરજનાં ભાગરૂપે કરવામાં આવેલ કાર્ય કરતા સમયે

થયેલ હોવાની હકીકત જણાવેલ છે સદર હકીકતનો સામાવાળા સંસ્થાનાંઓ દ્વારા સ્પષ્ટપણે ઇન્કાર કરવામાં આવેલ છે. તે સંજોગોમાં અરજદારોએ જરૂરી આધારરૂપ પુરાવાથી પુરવાર કરવું પડે કે, ગુજરનારનું અવસાન તેમની ફરજનાં ભાગરૂપે કરવામાં આવેલ કાર્ય કરતા સમયે થયેલ છે. હાલનાં કામે અરજદારો તર્ફે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓથી માત્ર એ હકીકત પુરવાર થાય છે કે, ગુજરનાર મર્હુમ સામાવાળા નં.૧ સંસ્થાનાં કામદાર હતા અને તેઓનું મૃત્યુ સાપ કરડવાથી શરીરમાં ઝેર પ્રસરી જવાનાં કારણે થયેલ છે. પરંતુ અરજદારો હાલનાં કામે આધારરૂપ પુરાવાથી ગુજરનારનું અવસાન સામાવાળા નં.૧ ની સુચના અન્વયે પોતાની ફરજનાં ભાગરૂપે કરવામાં આવેલ કાર્ય કરતા સમયે થયેલ હોવાની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. તે સંજોગોમાં હાલનાં કેસમાં અરજદારો દ્વારા તેઓની અરજ હકીકત માનવાલાયક આધારરૂપ પુરાવાથી સદર હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોવાનું ઠરાવવામાં આવેલ છે. તે સંજોગોમાં પણ અરજદારો સામાવાળા સંસ્થાઓ પાસેથી વળતર, વ્યાજ, પેનલ્ટી કે ખર્ચની રકમ મેળવવા હક્કદાર નહી હોવાનું ઠરાવવામાં આવે છે. આમ, ઉપરોક્ત ચર્ચાનાં અંતે તમામ હકીકતો ધ્યાને લેતાં ન્યાયનાં હિતમાં મુદ્દા નં. ૫ તથા નં.૬ નો જવાબ નકારમાં આપવામાં આવે છે અને ન્યાયનાં હિતમાં મુદ્દા નં.૭ નો જવાબ નીચે મુજબનાં આખરી હુકમ મુજબ આપવામાં આવે છે.

## -:: આખરી હુકમ ::-

**(1)** આથી અરજદારોની હાલની વળતર અરજ **નામંજુર** કરવા હુકમ કરવામાં આવે છે.

**(2)** ખર્ચ સંબંધે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તારીખ ૨૫મી માહે ઓગષ્ટ સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવેલ છે.

Digitally signed by
MANOJ S SOLANKI
at Kalol, Dist. Gandhinagar
on 25/08/2026 17:18:27 IST.

તારીખ :- ૨૫/૦૮/૨૦૨૬
સ્થળ :- કલોલ.

**(મનોજભાઇ શાંતિલાલ સોલંકી)**
કમિશનરશ્રી, વ. કો. એક્ટ, લેબર કોર્ટ
(એસ.ડી.) કલોલ, જિ.ગાંધીનગર.
***JUDGE CODE : GJ01300***

*સ્ટેનો : વી.વી.ચાવડા.*